ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૧/૨૧-૨૨/ 818
તારીખ : 09 MAR 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૧/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી ગોહિલ જામસિંહ ધીરૂભા,**
**મું. ભંડારીયા,**
**તા.ઘોઘા,**
**જી.ભાવનગર.**

**મો.નં- ૯૮૯૮૪૨૩૮૮૮/૮૨૦૦૯૧૮૮૮૦**

**વિષય : સ્થળ પર ટી.સી.આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૩૦/૧૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૧૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૧-૨૨/૪૦ તા.૦૫/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૧-૨૨/૧૨૭ તા.૧૩/૦૧/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૧-૨૨/૪૩૦ તા.૦૫/૦૨/૨૦૨૨.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૧-૨૨/૫૫૬ તા.૧૮/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૩/૦૨/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, **ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૭૧/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી ગોહિલ જામસિંહ ધીરૂભા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી ગોહિલ કુંવરસિંહ જામસિંહ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોહિલ જામસિંહ ધીરૂભા, મું.ભંડારીયા, તા.[illegible], જી.ભાવનગર ની સ્થળ પર ટી.સી.આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૧–૨૨/૪૦ તા.૦૫/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૮/૦૧૨/૨૦૨૨, તા.૧૫/૦૨/૨૦૨૨ તથા તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **<u>તા.૨૩/૦૨/૨૦૨૨</u> ના રોજ** વાદી ના પ્રતિનિધિ શ્રી ગોહિલ કુંવરસિંહ જામસિંહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેઓ પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, મામસા ખાતે ગ્રાહક નં–૩૭૮૨૮/૦૧૦૩૦/૩ જામસિંહ ધીરૂભા ગોહિલ ના નામે વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ સદર ખેતીની જમીનમાં અમો છેલ્લા ૨ વર્ષ થી ખેતી કરતા ન હોય ત્યાં જતા ન હતાં, છેલ્લા ૬ માસથી તપાસ કરતાં, અમારી વાડીનું ટ્રાન્સફોર્મર મળેલ નથી.

૧.૩ અમોને વહેલાસર અમારૂં ટ્રાન્સફોર્મર પરત આપવા યોગ્ય કરવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :-** ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ અરજદારશ્રી જામસિંહ ધીરૂભા ગોહિલ, ગ્રાહક નંબર – ૩૭૮૨૮/૦૧૦૩૦/૩ થી ૭.૫ એચ.પી. નું ભંડારીયા ગામ ખાતે ખેતીવિષયક વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ ઉપરોક્ત ખેતીવિષયક વિજજોડાણ મામસા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજ AG SPA સ્કીમ હેઠળ ૧૦૦ મીટર એચ.ટી.લાઈન અને ૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર લગાડી આપવામાં આવેલ છે.

૨.૩ સદર CGRF કેસ ના સંદર્ભ માં તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ નાયબ ઈજનેરશ્રી,મામસા દ્વારા કરેલ સ્થળ તપાસ દરમ્યાન સ્થળ પર કોઈ વિજ મીટર કે ટ્રાન્સફોર્મર જોવા મળેલ નથી. તેમજ હાજર વ્યક્તિ ના જણાવ્યા મુજબ નેશનલ હાઈવે (આશરે ૩–૪ વર્ષ પહેલા) બન્યા પહેલા સ્થળ પર ટ્રાન્સફોર્મર અને મીટર હોવાનું જાણવા મળેલ છે. સ્થળ રોજકામ આ સાથે સામેલ છે.

૨.૪ વધુમાં, સદર ગ્રાહક નંબર–૩૭૮૨૮/૦૧૦૩૦/૩ નો ૧૪૫–પીઆરટી ચકાસતાં, વર્ષ–૨૦૧૧ થી કુલ ૬૦ વિજ બિલો આપવામાં આવેલ છે. જે પૈકી કુલ –૫ બિલો લોક અને બાકીના ૦ યુનિટના બિલો આપવામાં આવેલ છે. જે ગ્રાહક દ્વારા ભરપાઈ પણ કરેલ છે. ૧૪૫–પીઆરટી અને બિલીંગ માહિતી આ સાથે સામેલ છે.

૨.૫ સદર ગ્રાહક ને પેટા વિભાગીય કચેરી, મામસા દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ વધુ માહિતી પૂરી પાડવા પત્ર નં–મામસા/ટેક/ગ્રાહક ફરીયાદ/૨૩૫ થી જણાવવામાં આવેલ છે. જેના પ્રત્યુતર મળ્યા બાદ વધુ વિગતવાર તપાસ હાથ ધરી શકાશે.

☞ **ફોરમનું તારણ :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ આજરોજ પ્રતિવાદી પીજીવીસીએલ તરફથી રજુ કરવામાં આવેલ વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ નો અભ્યાસ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડેલ છે.

નેશનલ હાઈવેના મામસા-તણસા સેક્શનના કિલોમીટર માઈલેજ ન. ૧૨ થી ૩૩ સુધીની હયાત લાઈનો તથા ટ્રાન્સફોર્મર સેન્ટર્સ ને શીફટીંગ કરવાની તાંત્રિક મંજુરી કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી શહેર ૨ ભાવનગર તરફથી તેઓની કચેરીના પત્ર ક્રમાંક બીસીડી/ટેક-૧/૩૨૫ તા. ૧૬.૧૧.૨૦૧૫થી આપવામાં આવેલ હતી. તાંત્રિક મંજુરીના એનેક્ષર-૧માં નીચેની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

| Annex. Sr. No. | Particulars. |
|---|---|
| 02. | The entire work shll be carried out by applicant by providing material and labours as mentioned in estimate. |
| 03 | The material for the above work shall be procured by the applicant as per the PGVCL'S specification and from the PGVCL'S approved supplier, after getting specificaiton and type test of each material approved from PGVCL. |
| 13 | The criminal and civil liability in case of any accident fatal or non-fatal or theft of the material during the execution of work shall lie entirely with the applicant. |

22. If any legal dispute arises, that will be bound to Concern Circle's District juricdition only.

ઉપરોક્ત ઉલ્લેખિત મંજુરી મુજબ વાદી શ્રી ગોહિલ જામસિંહ ધીરુભાનું મુ. ભંડારિયા તા. ઘોઘાના ગ્રા.ન. ૩૭૮૨૮/૦૧૦૩૦/૩ ધરાવતા ખેતીવાડી હેતુ માટેના વીજ ટ્રાન્સફોર્મર તથા લાઈનની શીફટીંગની તમામ કાર્યવાહી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા કરવાની થતી હોવાનું પ્રાથમિક તબકકે માલુમ પડે છે. ઉપરોક્ત શરતો મુજબ વાદીના વીજ જોડાણને લગતી કાર્યવાહીની કાનૂની વિવાદો ઉપસ્થિત થાય તો તેની આનુષંગિક જવાબદારી નેશનલ હાઈવે ઓથોરીટીની રહે છે, જે મુજબ ગોહિલ જામસિંહ ધીરુભાના વીજ જોડાણ પર હાલ લાઈન કે ટ્રાન્સફોર્મર સેન્ટર હયાત નથી જે ઈરેકશન કરવાની જવાબદારી નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી કરવામાં આવેલ નથી. તેમજ તે અંગે પીજીવીસીએલને કોઈ જાણ કરવામાં આવેલ નથી.

૩.૨ તદુપરાંત પ્રતિવાદી પીજીવીસીએલ તરફથી પણ વાદીના ખેતીવાડી વીજ જોડાણનું બિલીંગ ચાલુ રાખેલ હોઈ સ્થળ પર સ્થિતિ શું છે તે જાણવા પ્રયાસ કરવામાં આવેલ હોઈ તેમ જણાતું નથી. આમ, સમગ્ર કિસ્સામાં નેશનલ હાઈવે ઓથોરીટી તેમજ પીજીવીસીએલની પેટા વિભાગીય તથા વિભાગીય કચેરીની પણ અક્ષમ્ય બેદરકારી પુરવાર થાય છે.

3.3 ઉપરોક્ત તમામ હકીકતો તથા પુરાવાઓ અને સ્થળ સ્થિતિ ને ધ્યાને લેતા ફોરમને એવું જણાય છે કે વાદીના ખેતીવાડી હેતુ માટેના વીજ પ્રસ્થાપન વાળી જગ્યાએ પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા બિલીંગ ચાલુ છે, જેથી વાદીને વીજ પુરવઠાથી વંચિત રાખી શકાય નહિ આથી તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવીને ફરિયાદનું નિરાકરણ કરવું જરૂરી છે.

આ સંજોગોમાં વાદીના સ્થળ ઉપર ખેતીવાડી હેતુ અર્થે વીજ પુરવઠો ઉપલબ્ધ કરવા માટે જરૂરી લાઈન, ટ્રાન્સફોર્મર સેન્ટર તથા મીટરીંગ વગેરેની કાર્યવાહી પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આ હુકમ મળ્યાથી દિન ૧૫ માં પૂર્ણ કરવી, તદુપરાંત તે અંગેના ખર્ચની રકમ નેશનલ હાઈવે ઓથોરીટી પાસેથી વસુલ કરવાની કાર્યવાહી કરવા પીજીવીસીએલ તરફથી જરૂરી પગલા લેવા, આ માટે કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ આ હુકમની તારીખથી 30 દિવસમાં ફોરમને કરવાનો રહેશે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.3 " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Grievance Redressal Forum PGVCL Bhavnagar

તારીખ :– ૨૩/૦૨/૨૦૨૨.